<u>પ્રેસનોટ – તા.૦૮/૦૮/૨૦૨૨</u>

<u>રાજુલા ટાઉનમાંથી જાહેરમાં જુગાર રમતા ત્રણ ઇસમોને રોકડ તથા મોબાઇલ ફોન સહિત કુલ કિં.રૂ. ૩૬,૨૩૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા અંગે **સ્પેશ્યલ ડ્રાઇવ**નું આયોજન કરેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન તથા **શ્રાવણ માસ** દરમ્યાન જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

આજરોજ તા.૦૮/૦૮/૨૦૨૨ ના શરૂ રાત્રિના **કોમ્બિંગ નાઇટ પેટ્રોલીંગ** દરમિયાન **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, રાજુલા ટાઉનમાં મફતપરા વિસ્તારમાં, સરકારી શાળાની સામેની શેરીમાં જાહેરમાં અમુક ઇસમો પૈસા પાના વડે હાર જીતનો જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમી આધારે **એલ.સી.બી.ટીમે** બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતાં જાહેરમાં જુગાર રમતાં કુલ ત્રણ ઇસમોને રોકડ રકમ, મોબાઇલ ફોન તથા જુગારના સાહિત્ય સાથે ઝડપી પાડી, ત્રણ ઇસમો રેઇડ દરમ્યાન નાસી ગયેલ હોય, જે તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ ઇસમો તથા મુદ્દામાલ **રાજુલા પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે.

➪ <u>જુગાર રમતા પકડાયેલ આરોપીઓઃ-</u>

(૧) અરવિંદ રાજુભાઇ ગોહિલ, ઉ.વ.૨૬, રહે.રાજુલા, મફતપરા, તા.રાજુલા, જિ.અમરેલી.

(૨) વિરલ વિનુભાઇ સોલંકી, ઉ.વ.૨૧, રહે.રાજુલા, મફતપરા, તા.રાજુલા, જિ.અમરેલી.

(૩) મેહુલ ભીખાભાઇ ભાલીયા, ઉ.વ.૨૩, રહે.રાજુલા, મફતપરા, તા.રાજુલા, જિ.અમરેલી.

➪ <u>પકડવાના બાકી આરોપીઓઃ-</u>

(૪) કિશન સોમાતભાઇ બારૈયા, રહે.રાજુલા, મફતપરા, તા.રાજુલા, જિ.અમરેલી.

(૫) અનુ રાજુભાઇ સલાટ, રહે.રાજુલા, મફતપરા, તા.રાજુલા, જિ.અમરેલી.

(૬) ભરત કનુભાઇ બારૈયા, રહે.રાજુલા, મફતપરા, તા.રાજુલા, જિ.અમરેલી.

➪ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

રોકડા રૂ.૧૧,૨૩૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૩ કિં.રૂ. ૨૫,૦૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨, કિં.રૂ.૦૦/- મળી કુલ કિં.રૂ.૩૬,૨૩૦/- નો મુદ્દામાલ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



<u>પ્રેસનોટ – તા.૦૮/૦૮/૨૦૨૨</u>

<u>ચલાલા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૧ કિલો ૧૯૪ ગ્રામ ગાંજા સહિત કુલ કિ.રૂા.૧૨,૪૪૦/-ના અન્ય મુદ્દામાલ સાથે એક ઈસમને પકડી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>

શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યો તથા એન.ડી.પી.એસ. (ગાંજો, અફીણ, હેરોઇન, એમ.ડી.) વિગેરેના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા સુચના આપવામાં આવેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષક અમરેલીનાઓનાં માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસોઅને આવા ગે.કા.વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંધાને પોલીસ સબ ઈન્સપેક્ટ, ઈન્ચાર્જ એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, ચલાલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, ચલાલા વિસ્તારમાં રહેતો નુરમામદ નજરમામદ બ્લોચ રહે.ચલાલા, તળાવ કાંઠે દહીડા વાસ, તા.ધારી, જી.અમરેલીવાળો ગેરકાયદેસર ગાંજાનો જથ્થો રાખી વેચાણ કરે છે. જે અન્વયે સદરહું જગ્યાએ રેઇડ કરતા મજકુર ઈસમને ગાંજાનાં જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

<u>પકડાયેલ આરોપી</u> ઃ-

(૧) નુરમામદ નજરમામદ બ્લોચ, ઉ.વ.-૫૧, ધંધો-ડ્રાઈવીંગ રહે.ચલાલા, તળાવ કાંઠે દહીડા વાસ, માર્કેટ યાર્ડ ડેપો પાછળ તા.ધારી, જી.અમરેલીવાળો

<u>કબ્જે કરેલ મુદ્દામાલ</u> ઃ-

મજકુર પકડાયેલ ઈસમની પુછપરછ દરમિયાન ગે.કા. માદક પદાર્થ ગાંજો પોતાનાં ભાઇના કબ્જા ભોગવટાનાં રહેણાંક મકાનની અગાસી ઉપર મુકી આવેલ હોય, જે ગે.કા. માદક પદાર્થ (૧) ગાંજો ૧ કીલો ૧૯૪ ગ્રામ, કિ.રૂા.૧૧,૯૪૦/- તથા (૨) એક ઇલેક્ટ્રોનિક વજન કાંટો કિ.રૂા.૫૦૦/- મળી કુલ કિ.રૂા.૧૨,૪૪૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે. પકડાયેલ આરોપી વિરૂધ્ધ એન.ડી.પી.એસ.એક્ટ અન્વયે ગુનો રજીસ્ટર કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે ચલાલા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં તથા માર્ગદર્શન હેઠળ સર્કલ પોલીસ ઈન્સ.,શ્રી ધારી સર્કલ, તથા શ્રી પોલીસ સબ ઈન્સપેક્ટ, ઈન્ચાર્જ એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા એક ઈસમને ગાંજાનાં જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.



<u>પ્રેસનોટ – તા.૦૯/૦૮/૨૦૨૨</u>

## ચલાલા પોલીસ સ્ટેશનનાં એન.ડી.પી.એસ. ગુનાનાં આરોપીને ગણતરીની કલાકોમાં સુરત શહેર ખાતેથી ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.

શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મનઃપ્રભાવી દ્રવ્યો તથા એન.ડી.પી.એસ. (ગાંજો, અફીણ, હેરોઇન, એમ.ડી.) વિગેરેના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા સુચના આપવામાં આવેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, અમરેલીનાઓનાં માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને આવા ગુન્હાનાં કામે નાસતા-ફરતા તેમજ જીલ્લા જેલમાંથી પે-રોલ/ફર્લો અને વચગાળાનાં જામીન ઉપથી છુટી ફરાર થયેલ આરોપીઓ અંગે માહિતી મેળવી તેમને પકડી પાડી, જેલ હવાલે કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંધાને શ્રી પોલીસ સબ ઈન્સપેક્ટ, ઈન્ચાર્જ એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, જે અન્વયે એસ.ઓ.જી.ટીમએ ચોક્કસ બાતમી આધારે સુરત શહેર ખાતેથી અમરેલી જીલ્લાનાં ચલાલા પોલીસ સ્ટેશનનાં એન.ડી.પી.એસ. એક્ટનાં ગુન્હાનાં કામે પકડવાનો બાકી રહેલ આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડવામાં સફળતા મળેલ છે.

<u>✎ પકડાયેલ આરોપીઃ-</u>

કલ્પેશભાઇ મનસુખભાઇ પ્રજાપતિ, ઉ.વ.૩૯, ધંધો.-રમકડા વેંચવાનો, રહે. ફ્લેટ નં. ૪૦૨ યોગીકૃપા,એપાર્ટમેન્ટ, ચોથો માળ, મગન નગર સોસાયટી, સિંગણપોર, સુરત મુળ રહે. ગામ-સમઢિયાળા (ચારણનું) તા.ગોંડલ જી. રાજકોટ

<u>✎ પકડાયેલ આરોપીનો ગુન્હાહિત ઈતિહાસઃ-</u>

ચલાલા પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૩૨૨૦૪૪૫/૨૦૨૨ NDPS એકટની ક.૨૦(બી) (૨)(બી), ૨૯ મુજબનાં ગુનાના કામે પકડાયેલ મુખ્ય આરોપીએ તપાસ દરમિયાન કબુલાત આપેલ કે, મજકુર ઈસમ સદરહું દાખલ થયેલ ગુનાના મુખ્ય આરોપીને ગાંજો બહાર થી લઇ આપતો હતો.

.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ શ્રી પો.સ.ઈ. ઈન્ચાર્જ એસ.ઓ.જી., તથા એસ.ઓ.જી.ટીમને ચલાલા પો.સ્ટે.નાં એન.ડી.પી.એસ. ગુનાનાં કામે પકડવાનો બાકી આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.



<u>પ્રેસનોટ – તા.૧૦/૦૮/૨૦૨૨</u>

**<u>ચોરી કરીને કે છળકપટથી મેળવેલ ફોરવ્હીલની વ્હીલ પ્લેટ તથા ટાયરો ઇક્કો ગાડીમાં લઇ વેચવા માટે નીકળેલ બે ઇસમોને ચોરીના મુદ્દામાલ તથા વાહન મળી કુલ કિં.રૂ.૨,૪૪,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** ગઇ કાલ તા.૦૯/૦૮/૨૦૨૨ ના રોજ બગસરા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં અને જુના વાઘણીયા ગામે શીતલ આઇસ્ક્રીમની ફેક્ટરી પાસે આવેલ પુલ ઉપર વાહન ચેકીંગ કરતાં હતાં, તે દરમ્યાન બે ઇસમો એક ઇક્કો ફોરવ્હીલ લઇને નીકળતાં, જે રોકી, ચેક કરતાં, તેમાં ફોરવ્હીલ ગાડીઓની ચોરી કરી મેળવેલ વ્હીલ પ્લેટ તથા ટાયર હોય, જે ચોરી કરીને અથવા છળકપટ કરી, મેળવેલ હોવાનું જણાતું હોય, બંને ઇસમો વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી થવા **સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

⇨ <u>પકડાયેલ આરોપીઓની વિગતઃ-</u>

(૧) વિજયભાઇ ઉર્ફે ટીણો હેમુભાઇ ઉર્ફે હિમ્મતભાઇ ઓત્રાદીયા, ઉં.વ.૩૫, ધંધો.ખેતી/ડ્રાઇવીંગ, રહે.કંધેવાળીયા/જનડા, રામદેવીપીરના મંદિર પાસે, તા.વિછીંયા, જિ.રાજકોટ

(૨) રાજેશભાઇ રૂપસંગભાઇ બાવળીયા, ઉં.વ.૨૪, ધંધો.ખેતી, રહે.કંધેવાળીયા/જનડા, મોઢુકા રોડ, વાડીમાં, તા.વિછીયા, જિ.રાજકોટ

⇨ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

(૧) ફોરવ્હીલ ગાડીઓના નવા તથા જુના ટાયર અને વ્હીલ પ્લેટ, કુલ નંગ-૧૩, કિં.રૂ.૪૪,૦૦૦/- (૨) મારૂતિ સુઝુકી કંપનીની ઇક્કો સ્ટાર, રજી નં. GJ-03-LB-6910, કિ.રૂ.૨,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૨,૪૪,૦૦૦/- નો મુદ્દામાલ

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## <u>પ્રેસનોટ – તા.૧૦/૦૮/૨૦૨૨</u>

## <u>પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના સ્ત્રી આત્યાચારના ગુનામાં ચાર માસથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** <u>પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૩૦૪૫૨૨૦૧૫૯/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૪૯૮(એ), ૫૦૪</u> મુજબના કામનો આરોપી ચાર મહિનાથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા હોય અને મજકુર આરોપીનું નામ. રાજુલા કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનું વોરંટ ઇસ્યુ થયેલ હોય, મજકુર આરોપીને આજરોજ તા.૧૦/૦૮/૨૦૨૨ ના રોજ રાજુલા તાલુકાના વીસળીયા ગામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ **પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➪ <u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>

**મનસુખ વશરામભાઇ શીયાળ, ઉ.વ.૩૦ રહે.વડલી, તા.મહુવા, જિ.ભાવનગર.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – તા.૧૧/૦૮/૨૦૨૨

## અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL)ની બોટલો, મોબાઇલ ફોન તથા ફોર વ્હીલ કાર સહિત કુલ કિં.રૂ.૯૯,૧૪૦/- ના મુદ્દામાલ સાથે એક ઇસમને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી ;સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશન લગત પ્રવૂતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

આજરોજ તા.૧૧/૦૮/૨૦૨૨ ના રોજ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** ;નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, અમરેલી, હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટીમાં એક ઇસમ ફોર વ્હીલ કારમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલોની હેરફેર કરે છે, તેવી ચોક્કસ બાતમી આધારે **એલ.સી.બી.ટીમે** બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતાં એક ઇસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો, મોબાઇલ ફોન તથા  ફોર વ્હીલ કાર સાથે ઝડપી લઇ, પકડાયેલ ઇસમ તથા મુદ્દામાલ **અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે.

➩ પકડાયેલ આરોપીઃ-

ચેતન ભુપતભાઇ ભીલ, ઉ.વ.૩૪,રહે.અમરેલી, હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી તા.જિ.અમરેલી

➩ પકડવાનો બાકી આરોપીઃ-

કલ્પેશ વિષ્ણુભાઇ જોષી, રહે.લીલીયા, રેલ્વે સ્ટેશન પાસે, તા.લીલીયા જિ.અમરેલી.

➩ પકડાયેલ મુદ્દામાલઃ-

ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની અલગ-અલગ બ્રાન્ડની, ૭૫૦ મીલીની બોટલ નંગ-૩૨, કિં.રૂ.૧૪,૧૪૦/- તથા મોબાઇલ ફોન નંગ- ૧ કિં.રૂ.૫,૦૦૦/- તથા મારૂતિ સુઝુકી ESTEEM ફોર વ્હીલ રજી.નંબર GJ-11-S-2507 કિં.રૂ.૮૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૯૯,૧૪૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી ;સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – તા.૧૧/૦૮/૨૦૨૨

## લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL)ની બોટલો, મોબાઇલ ફોન તથા ફોર વ્હીલ કાર સહિત કુલ કિં.રૂ.૨,૨૭,૨૦૦/- ના મુદ્દામાલ સાથે બે ઇસમોને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશન લગત પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

આજરોજ તા.૧૧/૦૮/૨૦૨૨ ના શરૂ રાત્રિના લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, લીલીયા તાલુકાના સલડી ગામે સ્મશાન પાસે બે ઇસમો ફોર વ્હીલ કારમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલોની હેરફેર કરે છે, તેવી ચોક્કસ બાતમી આધારે **એલ.સી.બી.ટીમે** બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતાં બે ઇસમોને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો, મોબાઇલ ફોન તથા ફોર વ્હીલ કાર સાથે ઝડપી લઇ, પકડાયેલ ઇસમો તથા મુદ્દામાલ **લીલીયા પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે.

➪ <u>પકડાયેલ આરોપીઃ-</u>

(૧) વિશાલ સુરેશભાઇ પરમાર, ઉ.વ.૨૫, રહે.સલડી, તા.લીલીયા, જિ.અમરેલી.
(૨) કલ્પેશ વિષ્ણુભાઇ જોષી, ઉ.વ.૨૯, રહે.લીલીયા, રેલ્વે સ્ટેશન પાસે, તા.લીલીયા જિ.અમરેલી

➪ <u>પકડવાનો બાકી આરોપીઃ-</u>

જગુ વાલાભાઇ વાળા, રહે.લાલાવદર તા.જિ.અમરેલી.

➪ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની અલગ-અલગ બ્રાન્ડની, ૭૫૦ મીલીની બોટલ નંગ-૪૦, કિં.રૂ.૧૮,૨૦૦/- તથા મોબાઇલ ફોન નંગ -૨ કિં.રૂ.૯,૦૦૦/- તથા TOYOTA ETIOS ફોર વ્હીલ રજી.નંબર GJ-18-AM-6576 કિં.રૂ.૨,૦૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૨,૨૭,૨૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.





<u>પ્રેસનોટ – તા.૧૩/૦૮/૨૦૨૨</u>

<u>જાફરાબાદ તાલુકાનાં રોહીસા,એક જ ગામેથી  બે બોગસ ડોક્ટરને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>

શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા ગેરકાયદેસર સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનિક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઇ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી.મેડીકલ પ્રેકટીશનર ને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી અંગે ચેકીંગ હાથ ધરી ગેરકાયદેસર મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચનાં આપેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, અમરેલીનાઓનાં માર્ગદર્શન હેઠળ અત્રેનાં અમરેલી જીલ્લામાં આવા બોગસ ડોક્ટરોની ડિગ્રી વગર કલીનિક ચલાવી મેડિકલ પ્રેકિટસ કરી આવા કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય તેવુ પોતે જાણતા હોવા છતા દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરનાર વિરૂધ્ધ કાયદસરની કાર્યવાહી કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંધાને શ્રી પોલીસ સબ ઈન્સપેક્ટ, ઈન્ચાર્જ એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી.ટીમને અમરેલી જીલ્લામાં આવા બોગસ ડોક્ટરની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોસ્ટલ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, રોહીસા ગામે મફત પ્લોટ વિસ્તારમાં રહેતા હિતેષભાઇ કનુભાઇ રાજ્યગુરૂ રહે.રોહીસા પોતાન રહેણાંક મકાનમાં તથા જયેશભાઇ પોપટભાઇ કલસરીયા ''શિવ કલીનિક'' નામનું ગેરકાયદેસર દવાખાનુ/કલીનિક ચલાવતા હોય જે અન્વયે સદરહું જગ્યાએ તાલુકા હેલ્થ ઓફીસરશ્રી, જાફરાબાદ તથા ફાર્માસીસ્ટ સાથે રેઇડ કરતા મજકુર ઈસમોને એલોપેથીક દવાઓ, દવાની બોટલો, ઇન્જેકશન તથા સિરપની બોટલો-ટયુબ વિગેરે મેડિકલને લગતી સાધન સામગ્રીના જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

<u>પકડાયેલ આરોપીઓ</u> ઃ-

(૧) હિતેષભાઇ કનુભાઇ રાજ્યગુરૂ, ઉ.વ.૫૦, ધંધો-ડોકટર રહે. રોહીસા, મફત પ્લોટ વિસ્તાર, તા.જાફરાબાદ જી.અમરેલી.

(૨) જયેશભાઇ પોપટભાઇ કલસરીયા, ઉ.વ.૨૪, ધંધો-ડોકટર રહે. ટીંબી, ગાયત્રી સોસાયટી, તા.જાફરાબાદ જી.અમરેલી.

કબ્જે કરેલ મુદ્દામાલ :-

મજકુર પકડાયેલ ઈસમ (૧) હિતેષભાઇ કનુભાઇ રાજ્યગુરૂ પાસેથી એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ-૧૪૭ કુલ કિ.રૂા.૧,૨૩,૧૨૪.૨૫/- ના મુદ્દામાલ સાથે તથા (૨) જયેશભાઇ પોપટભાઇ કલસરીયા પાસેથી એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ કુલ નંગ-૯૯ કુલ કિ.રૂા.૧,૨૦,૨૬૧.૮૫/- મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે. અને બન્ને ઈસમો વિરૂધ્ધ ગુનાઓ રજી. કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં તથા માર્ગદર્શન હેઠળ શ્રી પોલીસ સબ ઈન્સપેક્ટર, ઈન્ચાર્જ એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા બે બોગસ ડોક્ટરોને એલોપેથીક દવાનાં જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.